No. of Printed Pages : **4** **FGT**

# BDP / BCA / BIS
# Foundation Course In GUJARATI

## Term-End Examination

## December, 2012

01465

## Course Code : FGT

*Time : 2 hours* *Maximum Marks : 50*

આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

**1.** નીચેના વિષયોમાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો. 8

(a) ગુજરાતી ભાષાનો આજ

(b) સમૂહ માધ્યમો અને સાહિત્ય

(c) ઉદારીકરણની અસરો

(d) સાહિત્ય અને સંસ્કૃતિ

**2.** નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો. 8

(a) પ્રિટોરિયા પહોંચવા માટે ગાંધીજીએ રેલ્વેના પ્રથમ વર્ગની ટિકિટ કેવી રીતે મેળવી ?

(b) માતૃભાષાની જોડણી પરત્વે ગુજરાતી ભાષકોનું સામાન્ય વલણ કેવું છે ?

(c) કાળુ શા માટે રાજુ સાથે સદાવ્રત સુધી આવવા તૈયાર થયો ?

(d) જગતમાં મૈત્રીભાવના વધારવાનું યુગકાર્ય સ્ત્રીઓ વધારે સારી રીતે કરી શકશે એમ લેખક શાથી માને છે ?

(e) શરીરમાં યોગ્ય વીટામીન્સનું નિર્માણ થાય એ માટે શું કરવું જોઈએ ?

(f) સ્વરભાર કોને કહે છે ?

**3.** (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ વાપરી ખાલી જગા પૂરો : 8

(i) __________ ના ફેલાવાને કારણે આજે વર્તમાનપત્રોનો ફેલાવો વધ્યો છે.
[ શિક્ષણ, વાહનવ્યવહાર, યંત્રો ]

(ii) વાયુમોજું લગભગ એકસાથે નાસિકાપથ અને મુખપથમાંથી ધ્વનિરૂપે બહાર આવે ત્યારે __________ ધ્વનિઓ સંભળાય છે.
[ મહાપ્રાણ, અનુનાસિક, પ્રકંપીઓ ]

(iii) કીમિયાગીરીનો વિકાસ સૌ પ્રથમ __________ માં થયો હતો. [ઈજિપ્ત, ચીન, યુરોપ]

(iv) ક્રિયાપદના મૂળ રૂપને પ્રત્યય લાગીને જે રૂપ બને તેને __________ કહેવાય.
[પ્રેરક, સાધિત, કર્મણિ]

(b) રૂઢિપ્રયોગની સામે તેનો અર્થ લખો :

| | |
|---|---|
| (i) નામનિશાન ન હોવું | (A) જીવનમાં વસમી પરિસ્થિતિ પેદા થવી |
| (ii) ઊભી પૂંછડીએ નાસવું | (B) બીકના માર્યા જીવ લઈને નાસવું |
| (iii) છાતી કાઢીને ચાલવું | (C) બધાનો નાશ કરવો |
| (iv) આયખામાં હિમ પડવું | (D) ગર્વ થવો |

4. નીચેનામાંથી ગમે તે બે વિશે ટૂંક નોંધ લખો : 6

(a) વ્યક્તિસ્વાતંત્ર્ય

(b) અતિવૃષ્ટિ

(c) અનુવાદની કળા

5. નીચેના વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તેમને ફરીથી લખો. 4

(a) ભારતીય પારણામાં સંસ્કૃતિ વનોનાં ઊછરી છે.

(b) મનુષ્યની આંતરિક સમૃદ્ધિનો ઉત્તમોત્તમ શક્તિ આવિર્ભાવ ભાષાઓમાં હોય છે.

(c) પત્રકારત્વે લાગણીઓનો પડઘો અને લોકોની માગણીઓને પાડીને વિરમવાનું ન હોય.

(d) માહિતી માટે વિષયસૂચિ મેળવવા ઉપયોગી ઘણા થાય છે.

6. નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલા ખાનામાં ખરાની નિશાની કરીને દર્શાવો : 4

(a) 'આપનો સમભાવ એ તો મહામૂલ્ય વસ્તુ છે.'

☐ કલ્યાણકામ ☐ સાવિત્રી ☐ રાઈ

(b) 'એ ભા, પણ તમારી કેરી પાછી લેતાં જજો !'
મેમાન ઘેર પોકવા થયા ત્યારે કેરી લઈને આવ્યાં !'

☐ પખો સોની

☐ શકરી

☐ દલુચંદ શેઠ

(c) 'તો પછી મા'જન આલે છે ને લેવું છે એમાં શરમ શાની ?'

☐ સુંદરજી શેઠ ☐ ભલી ☐ રાજુ

(d) ઈશ્વરને ઘેર પણ ન્યાય છે કાંઈ ?

☐ શકરી ☐ રતી ☐ સુખદેવ

7. (a) શહેરી જીવનના આકર્ષણે ગ્રામજીવન પર શી અસર કરી છે ? 6

(b) ગાંધીજીએ શીખવેલી કઈ બાબતોને અનુસરવા લેખક ભારપૂર્વક જણાવે છે ?

8. નીચેનાં કથનોને સમજાવો : 6

(a) 'જગતમાં પત્ની વિનાના સ-ધુરની સ્થિતિ ઘણી વિચિત્ર હોય છે.'

(b) 'સાલા પાલણહાર ન જોયા હોય તો.'

(c) 'તમારે કુલીની જોડે બેસવું હોય તો મારે શું ?'